પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૩ | ૨ સપ્ટેમ્બર, ૨૦૧૭, શનિવાર ; ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રાજસ્થાનમાં ૫૧ દિવસમાં ૮૧ બાળકોના મોત

રાજસ્થાનમાં છેલ્લા ૫૧ દિવસમાં ૮૧ નવજાત બાળકોના મોત નીપજયા હતા. બાંસવાડાના મહાત્મા ગાંધી ચિકિત્સાલયમાં કુપોષણના કારણે બાળકોના મોત થતાં ચકચાર મચી ગઈ છે.

### રાષ્ટ્રીય જનતા દળને ઈન્મકટેક્ષની નોટીસ

આવકવેરા વિભાગે રાષ્ટ્રીય જનતા દળને ગત સપ્તાહે યોજેલ ભાજપ ભગાવો રેલીના ખર્ચ મામલે નોટીસ ફટકારી છે. આવકવેરા વિભાગના સુત્રોના જણાવ્યા અનુસાર રેલીમાં ખુબ મોટો ખર્ચ કરાયો હતો.

### ભારતીય મૂળના જે.વાય. પીલ્લાઈ સીંગાપુરના નવા પ્રમુખ



સીંગાપુરના નવા પ્રમુખ પદે ભારતીય મૂળના જે.વાય. પીલ્લાઈની વરણી કરવામાં આવી છે.

### કાર્તી ચીદમ્બરમની બીજીવાર પુછપરછ

પૂર્વ નાણાં મંત્રી કાર્તી ચીદમ્બરમની સીબીઆઈએ બીજીવાર પુછપરછ કરી છે. આવક કરતાં વધુ સંપતિ મામલે કાર્તી ચીદમ્બરમ પર સકંજો કસાયો છે.

### આસામમાં પુનઃ ૩.૪ની તીવ્રતાની સાથે ધરતીકંપ

ગુવાહાટી,તા. ૧

આસામના સોનિતપુર જિલ્લામાં રિક્ટર સ્કેલ ઉપર ૩.૪ની તીવ્ર સાથે હળવો ભૂકંપનો આંચકો આજે આવ્યો હતો. આના કારણે લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. જાનમાલનું કોઈ નુકસાન થયું નથી. હવામાન વિભાગની સત્તાવાર વેબસાઈટ મુજબ ભૂકંપનો આંચકો ૧૧.૩૬ વાગે અનુભવાયો હતો. આઈએમડીના કહેવા મુજબ સોનિતપુર જિલ્લામાં આ આંચકો આવ્યો હતો. ગયા મહિનાની શરૂઆતમાં પણ ગુવાહાટી ૩.૪ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો.

# આવતીકાલે કેન્દ્રીય મંત્રીમંડળમાં ધરખમ ફેરફારો

**કલરાજ મિશ્રા, ઉમાભારતી, રાજીવ પ્રતાપ રૂડી, ફગનસિંહ કુલસ્તે અને સંજીવ બાલિયને રાજીનામુ આપ્યુ : સંગઠનમાં મહત્વની જવાબદારી અપાશે : જેડીયુના રામચન્દ્ર પ્રસાદ અને પુર્ણિયાના સાંસદ સંતોષ કુશવાહ : ભાજપના ભૂપેન્દ્ર યાદવ, રામ માધવ, વિઠ્ઠલભાઈ રાદડીયા ઉપરાંત નવા ચહેરાઓ ઉમેરાશે : કેટલાક ખાતા બદલાશે : સવારે ૧૦ વાગે શપથ**

નવી દિલ્હી,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય કેબિનેટમાં ધરખમ ફેરફાર કરવા જઈ રહ્યા છે. આ ફેરફાર રવિવારના દિવસે સવારે ૧૦ વાગે થશે. મોદી કેટલાક નવા ચહેરાઓને તક આપનાર છે. કેબિનેટમાં ફેરફાર અને ફેરરચનાના ભાગરુપે ઓછામાં ઓછા પાંચ કેન્દ્રીય મંત્રી ગુરુવારના દિવસે રાજીનામુ આપી દીધા હતા. પ્રધાનોના ખાતા બદલવાની સાથે સાથે કેટલાક જુના મંત્રીઓને પડતા મુકવામાં આવી શકે છે. નવા ચહેરાઓને તક મળી શકે છે. માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીને રેલવે ખાતુ મળી શકે છે. જ્યારે સુરેશ પ્રભુને પર્યાવરણ ખાતુ આપવામાં આવી શકે છે. રાજીવ પ્રતાપ રુડીને સંગઠનમાં કોઈ મોટી જવાબદારી મળી શકે છે.



પ્રધાનમંડળમાં ફેરફારનો મુખ્ય ઉદ્દેશ્ય શાનદાર દેખાવ કરનાર પ્રધાનોને પ્રોત્સાહન આપવાનો અને નિરાશાજનક દેખાવ કરનાર પ્રધાનોની હકાલપટ્ટી કરવાનો પણ છે. ગુજરાતમાંથી પણ કેટલાક પ્રધાનોને મોટી જવાબદારી મળી શકે છે.



બઢતી પણ મળી શકે છે. સંસદીય બાબતોના પ્રધાન અનંત કુમારને શહેરી વિકાસ મંત્રાલય સોંપવામાં આવે તેવી શક્યતા છે. પહેલા આ મંત્રાલય વેંકૈયા નાયડુની પાસે હતું. હાલમાં આની વધારાની જવાબદારી ગ્રામીણ વિકાસ પ્રધાન નરેન્દ્રસિંહ



તોમર પાસે છે. વડાપ્રધાન મોદીએ ગઈકાલે સાંજે જ ભાજપ પ્રમુખ

● અનુસંધાન પાન-૭ પર

# લોકસભાની ચૂંટણીને કેન્દ્રમાં રાખી મંત્રીમંડળમાં પરિવર્તન

## ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, હિમાચલ પર નજર

નવીદિલ્હી,તા. ૧

મોદી કેબિનેટના વિસ્તરણ પાછળ અનેક કારણો રહેલા છે. કેબિનેટના વિસ્તરણ પાછળ પરફોર્મન્સની સાથે સાથે મિશન ૨૦૧૯ ઉપર પણ નજર છે. કેબિનેટ ફેરફાર પાછળ સૌથી મોટો હેતુ મિશન ૨૦૧૯ છે. કારણ કે, હવે સરકારની અવધિ પૂર્ણ થવામાં બે વર્ષથી પણ ઓછો સમય રહ્યો છે જેથી પહેલા સરકાર એવા રાજ્યોમાં પોતાની પકડને મજબૂત કરવા ઈચ્છુક છે જ્યાં વહેલી તકે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. રાજીવ પ્રતાપ રુડી કહી ચુક્યા છે કે, તેઓ પાર્ટીના કાર્યકર તરીકે છે અને કોઈપણ જગ્યાએ પોતાની ભૂમિકાને અદા કરવા માટે ઈચ્છુક છે. માલિયન અને રુડીને મોટી ભૂમિકા સંગઠનમાં મળી શકે છે. કેબિનેટમાં ફેરફારનો હેતુ ૨૦૧૯ ચૂંટણી પહેલા પાર્ટીની સ્થિતિને જુદા જુદા રાજ્યોમાં વધુ મજબૂત કરવાની છે. મંત્રી પદ ઉપર માત્ર પરફોર્મન્સના આધાર પર રાખવામાં આવશે નહીં. કેટલાક મંત્રીઓએ પોતે રાજીનામાની ઓફર કરી છે. કારણ કે તેમના ઉપર વધારાની જવાબદારી હતી. ઉમા ભારતી આરોગ્યના કારણોસર રાજીનામુ આપી દેવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સુરેશ પ્રભુએ જાહેરરીતે રાજીનામુ આપી દેવાની ઓફર કરી છે.



કર્ણાટક, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશના કેટલાક નેતાઓને કેબિનેટમાં જગ્યા આપવામાં આવનાર છે. કારણ કે આ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી વહેલી તકે યોજાનાર છે. આ ફેરફાર માત્ર કેબિનેટમાં જ નહીં બલ્કે સંગઠનમાં પણ કરવામાં આવનાર છે.

કેટલાક પ્રધાનોને ફરીથી સંગઠનમાં લઈ જવામાં આવશે જ્યારે સંગઠનમાં સક્રિય રહેલા કેટલાક લોકોને મોદી સરકારમાં જગ્યા મળી શકે છે. જેડીયુ પહેલાથી જ એનડીએમાં સામેલ છે જેથી તેને બે હોદ્દા આપવામાં આવશે. ગુજરાત ભાજપના ઈન્ચાર્જ ભુપેન્દ્રસિંહ યાદવને પણ કેન્દ્રીય મંત્રી બનાવવાની શક્યતા છે. ગુજરાતમાં ૧૮૨ પૈકી ૧૫૦ સીટ જીતવાની યોજના તૈયાર કરવામાં આવી છે. કર્ણાટકમાંથી ભાજપના નેતા સુરેશ અંગડીને તક મળી શકે છે. હિમાચલમાંથી સત્યપાલ સિંહને જવાબદારી મળી શકે છે.

# સિલિન્ડરમાં સાત રૂપિયાનો વધારો

## બિન સબસિડીવાળા ગેસ સિલિન્ડરમાં ૭૩.૫ રૂપિયાનો વધારો

નવી દિલ્હી,તા.૧

સામાન્ય લોકો પર વધુ મોંઘવારીની માર પડનાર છે. કારણ કે, સબસિડીવાળા રાંધણ ગેસ (એલપીજી)ની કિંમતમાં આજે પ્રતિ સિલિન્ડર સાત રૂપિયા સુધીનો વધારો કરી દેવામાં આવ્યો હતો. દર મહિને કિંમતમાં વધારો કરવાના સરકારના નિર્ણય મુજબ આ વધારો આજે અમલી કરવામાં આવ્યો હતો. નાણાંકીય વર્ષના અંત સુધી તમામ સબસિડીને નાબૂદ કરવાની ઈચ્છા સરકારે રાખી છે જેના ભાગરુપે દર મહિને સિલિન્ડરની કિંમતમાં ચાર રૂપિયાનો વધારો કરવામાં આવી રહ્યો છે. આગામી વર્ષે માર્ચ સુધી તમામ સબસિડીને નાબૂદ કરવાની યોજના કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી છે. સબસિડીવાળા ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમત હવે દિલ્હીમાં ૪૮૭.૧૮ રૂપિયા થશે જે હજુ સુધી ૪૭૯.૭૭ રૂપિયા હતી. દેશના સૌથી મોટા ફ્યુઅલ રિટેલર દ્વારા આજે આમુજબની માહિતી આપવામાં આવી હતી. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને વધારે નાણા ચુકવવા પડશે. ૩૧મી જુલાઈના દિવસે લોકસભામાં પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, સરકારે સરકારી ઓઈલ કંપનીઓને એલપીજીની કિંમતમાં દર મહિને ચાર રૂપિયાનો વધારો કરવા માટે કહ્યું છે. જો કે, રેટમાં પહેલી ઓગસ્ટના દિવસે પ્રતિ સિલિન્ડર ૨.૩૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ઓઈલ કંપનીઓને આના કારણે ભારે અસર થઈ રહી છે. ગયા વર્ષે જુલાઈ મહિનાથી મહિને બે રૂપિયા વધારો કરવાની પોલિસીને

● અનુસંધાન પાન-૭ પર

# બ્રિક્સ મિટિંગમાં પાકિસ્તાનના ત્રાસવાદ પર ચર્ચા નહી : ચીન

**ભારતની ચિંતા પર કોઇ ચર્ચા કરાશે નહીં : અગાઉની જેમ પોતાના નજીકી મિત્ર પાકિસ્તાનનો બચાવ કરવા ચીન તૈયાર : પાકિસ્તાનની ફરી એકવખત પ્રશંસા**

બેજિંગ,તા. ૧

ચીને ફરી એકવાર ખુલાસો કરતા કહ્યુ છે કે પાકિસ્તાન પ્રાયોજિત ત્રાસવાદના મુદ્દા પર ભારતની ચિંતા અંગે આગામી સપ્તાહમાં યોજાનાર બ્રિક્સ સંમેલનમાં ચર્ચા કરવામાં આવનાર નથી. આવુ નિવેદન કરીને પાકિસ્તાનને બચાવી લેવાના ચીને પ્રયાસો જારી રાખ્યા છે. પહેલાની જેમ આ વખતે પણ પાકિસ્તાન જેવા તેના નજીકના મિત્રોને બચાવી લેવાની નિતી ચીને અપનાવી છે. ચીને પોતાના નજીકના મિત્ર પાકિસ્તાનનો બચાવ કરીને કહ્યુ છે કે ત્રાસવાદને રોકવા અને તેને ખતમ કરવા માટે પાકિસ્તાન દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવકતા હુઆ ચુનયિંગે કહ્યુ છે કે પાકિસ્તાન ત્રાસવાદ સામે લડી રહ્યુ છે. ત્રાસવાદ સામેની લડાઈમાં બલિદાન આપી રહ્યુ છે. હુઆએ પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે આંતરરાષ્ટ્રીય સમુદાયને પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરવી જોઈએ. તેમણે કહ્યુ હતુ કે અમે જોઈ રહ્યા છીએ કે જ્યારે પાકિસ્તાનના ત્રાસવાદ વિરોધી હોવાની વાત કરવામાં આવે છે ત્યારે ભારતની કેટલીક ચિંતા આવે છે. તેમણે કહ્યુ હતુ કે બ્રિક્સમાં આ મુદ્દા પર ચર્ચા થવી જોઈએ તેમ તેઓ માનતા નથી. બ્રિકસમાં પાંચ દેશો રહેલા છે.

# વિમાની યાત્રા ૧૦૦ રૂપિયા સુધી મોંઘી : યાત્રી પર બોજ

નવી દિલ્હી, તા.૧

મેટ્રો શહેરો અને અન્ય મોટા શહેરો વચ્ચે સંચાલિત થનારી સ્થાનિક ફલાઈટો આજથી ૧૦૦ રૂપિયા સુધી મોંઘી થઈ ગઈ છે. કારણ કે રિઝનલ કનેક્ટીવીટી સેસને લાગૂ કરી દેવામાં આવ્યો છે. સરકારે દરેક સ્થાનિક ઉડ્ડયન પર ૫૦૦૦ રૂપિયા ચાર્જ લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે જેની મદદથી એક રિઝનલ કનેક્ટીવીટી ફંડની રચના કરવામાં આવશે. આ ફંડનો ઉપયોગ સ્થાનિક ઉડ્ડયનોમાં ભાડાની મહત્તમ મર્યાદાને ૨૫૦૦ પ્રતિ કલાક સુધી મર્યાદિત કરવા માટે કરવામાં આવશે. આ ઉપરાંત એવિએશન ટર્બાઈન ફ્યુઅલની કિંમતમાં પણ વધારો થઈ ગયો છે. જેના પરિણામ સ્વરુપે આની સીધી અસર પણ યાત્રીઓ ઉપર થશે. વિમાની યાત્રા આના કારણે વધુ મોંઘી બની શકે છે. ઓઈલ કંપનીઓએ એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ની કિંમતમાં જંગી વધારો કર્યો છે. તેની કિંમતમાં આશરે ચાર ટકાનો વધારો કરી દેવામાં આવ્યો છે. દિલ્હીમાં દાખલારુપે ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ મુજબ એટીએફની કિંમત હવે પ્રતિલીટર ૫૦૦૨૦ રૂપિયા થશે જ્યારે ઓગસ્ટ મહિનામાં આની કિંમત ૪૮૧૧૦ રૂપિયા હતી. આજ કારણસર આવનાર તહેવારોની સિઝનમાં વિમાની યાત્રા વધુ મોંઘી થઈ શકે છે.

કપલ / ફેમીલી LTC પ્રવાસો

આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ

સ્પે. કેરાલા – મુન્નાર-થેકડી
દાર્જીલીંગ – ગંગટોક-પેલીંગ
સિમલા – મનાલી-ડેલ-અમૃત
ભુતાન – પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની – વાયનાડ-હસન
નૈનિતાલ – કોર્બેટપાર્ક-મસૂરી

Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

આયુર્વેદિક દવાઓ

આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા

NAGARJUNA · BAN Since 1966 · Himalaya HERBAL HEALTHCARE · ZANDU · VASU Healthcare Pvt. Ltd. · पतंजलि · Baidyanath ASLI AYURVED · Dabur · SANDU · Charak



MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple,
Cheap Type Shopping Center, Sector-6/D,
Gandhinagar. Ph. : 079 - 23241415

## પ્રથમ વર્ષે પુણ્ય સ્મરણ...

**"પપ્પા"**

માતા-પિતા સૃષ્ટિનું મજબૂત સર્જન...
સંતાનો તેમનું સહિયારું સર્જન...



અઘરું હોય છે કોઈ એકનું જવું બાળકો માટે... માનવું અશક્ય થઈ પડતું હોય છે, અને ગયા પછી એ ખાલીપો વધારે વિહ્વળ બનાવે છે. એવી કઈ ક્ષણ છે જેમાં તમને યાદ નથી કર્યા ''પપ્પા'' ... સવારે... ચા-નાસ્તા માટે ડાઈનીંગ ટેબલ, ડ્રોઈંગ રૂમની આરામ ખુરશી, ભોંયરામાં સવારમાં ચાલતી યોગ-યાચનાની કેસેટની ધૂન, બાળકોને આપવા માટે લાવેલી ચોકલેટ, 'ચોકલેટ દાદા', બગીચાના તમારા મિત્રો, ૭-૮નું બસસ્ટેન્ડ, મીનાબજારમાં તમારા મિત્રો સાથેની બેઠક, C.C.ની શેરબજારની Office, તેજી-મંદીને સહજ લેનારા, પ્રસંન્નચિત, કેટલાયને કરેલી તમારી છાની મદદ, વરાળની જેમ ઉડી જતો તમારો ગુસ્સો, ...બધુ જ જાણે જીવંત છે

કદી પિતાના રૂપે તો કદી મિત્ર સ્વરૂપે...
તમારો હાથ અમારા ઉપર છે આશીર્વાદ રૂપે...
આજની પ્રથમ પુણ્યતિથિએ આપની દિવ્ય ચેતનાને શત્ શત્ કોટી નમન....

તમારી સખીસંગિની ઈલા થાનકી
નીપા - નયન
કેદાર - ચેતના
ગૌરાંગ - રુચિ
કાવ્યા, હરિત, દીયા, અનેરી
**સ્વ. ગુણવંતરાય થાનકી પરિવાર**